# ઘ-૩ ખાતે સેવાદળની મહિલા કાર્યકરો-પોલીસ વચ્ચે ઘર્ષણ

## મહિલા કાર્યકરોને પુરુષ પોલીસે ધક્કા માર્યાનો આક્ષેપ : કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ડી.એસ.પી. ઓફિસ ખાતે ધરણા

ગાંધીનગર, તા.૮

પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે સેવાદળની મહિલા કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણના બનાવ બન્યો હતો. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે છાવણી ખાતે મહિલા કાર્યકરો દ્વારા સંમેલન યોજાયું હતું. જેમાં મહિલાઓએ સુત્રોચ્ચાર અને બેનર્સ દર્શાવી સરકાર સામે વિરોધ દર્શાવ્યો હતો. જયારે મહિલાઓએ વિધાનસભા ઘેરાવ માટે કુચ કરી ત્યારે પોલીસે અટકાવતા મામલો બિચક્યો હતો. જેથી પોલીસ અને મહિલા કાર્યકરો વચ્ચે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. ત્યારે પોલીસે દ્વારા ૫૦ મહિલા કાર્યકરોની અટકાયત કરી હતી.





આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા સેવા દળ દ્વારા મહિલા સંમેલનનું આયોજન સત્યાગ્રહ છાવણી ખાતે સુંદર શામિયાણામાં કરવામાં આવ્યું હતું. સંમેલનમાં રાજયમાંથી મહિલાઓ મોટીસંખ્યામાં હાજર રહી હતી. આ સંમેલનમાં કોંગ્રેસના નેતાઓ અને સેવાદળના મહિલા કાર્યકરો હાજર રહ્યા હતા. સંમેલનમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી રઘુ શર્મા, વિપક્ષ નેતા સુખરામ રાઠવા, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, કોંગ્રેસ પ્રવકતા નિશિત વ્યાસ, સહિત મહિલા પ્રમુખો અને મહિલા કાર્યકરો હાજર રહી હતી. કોંગ્રેસના આગેવાનો દ્વારા સંમેલનમાં પ્રાસંગીક ભાષણ પણ આપ્યું હતું. મહિલા દિવસ નિમિતે મહિલા કાર્યકરો દ્વારા રાજયમાં મહિલાઓ પર થતા ગેંગરેપ, છેડતી , વિવિધ મુદ્દે પરેશાની, આત્મહત્યા, અને અત્યાચારો વિરુધ્ધ વિધાનસભા ઘેરવાનો તખ્તો તૈયાર કર્યો હતો . મહિલાઓએ વિવિધ પ્લેકાર્ડ દર્શાવી સુત્રોચ્ચાર કરી છાજીયા લીધા હતા. ત્યારબાદ વિધાનસભા કુચ કરવાનો નિર્ણય કરતા મહિલા કાર્યકરોને પોલીસ દ્વારા અટકાવવા આવ્યા હતા. પોલીસે બેરીકેટસની આડશ મુકી રોકવા માટે પ્રયત્નો કર્યા હતા. પરંતુ મહિલા કાર્યકરો વિધાનસભા કુચ માટે અડગ હતી. જેથી પોલીસ અને મહિલા કાર્યકરો વચ્ચે ચકમક તેમજ ઘર્ષણનો બનાવ બન્યો હતો. જેમાં મહિલા કાર્યકરો અને પોલીસ કર્મચારીઓને પણ ઈજા પહોંચી હતી.

જયારે પોલીસે ૫૦ થી વધુ મહિલા કાર્યકરોની અટકાયત કરી હતી. ઉલ્લેખનીય છે કે જયારે મહિલા કાર્યકરોએ વિધાનસભાના ગેટની સામે બહાર પણ પહોંચી જઈને હોબાળો મચાવતા પોલીસ દોડી આવી હતી. ગણતરીની મિનીટોમાં તમામ મહિલા કાર્યકરોને દુર મોકલી દીધા હતા. સંમેલનને પગલે સત્યાગ્રહ છાવણી પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવી હતી.

**આજે મહિલા દિનની ઉજવણી હતી. શહેરમાં ઘણી જગ્યાએ અલગ અલગ કાર્યકમ હતા. મહિલા દિનની ઉજવણી હતી એટલે આ કાર્યક્રમને મંજુરી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં અમુક લોકો આવી ઉશ્કેરણીજનક ભાષણો કર્યા હતા અને ત્યારબાદ નીકળી ગયા હતા. ત્યારબાદ મહિલાઓએ કુચ કરવાની જાહેરાત કરી હતી.**

**જિલ્લા પોલીસ વડા -મુયર ચાવડા**



### મહિલા કાર્યકરોના હાથમાં વિવિધ પ્લેકાર્ડ

છાવણી ખાતે મહિલા કોંગ્રેસ સેવાદળના કાર્યકરો બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહી હતી. ત્યારે સંમેલનમાં મહિલાઓના હાથમાં વિવિધ પ્લેકાર્ડ જોવા મળ્યા હતા. જેમાં સંગ્રહખોરોને લીલા લ્હેર, ખેડુતોને કાળો કહેર, સરકારે કર્યા ખેડુતોને બેહાલ મૂડીપતિઓને માલામાલ, લાઠી ગોલી ખાયેગેં કાનૂન વાપસ લાયેગે, પેપરફોડુ સરકાર, કાળા બજારીયાઓ માલામાલ ખેડુતો થશે પાયમાલ,બરબાદ કર્યા બધા ક્ષેત્રે હવે વારો કૃષિક્ષેત્રે સહિતનો સમાવેશ થાય છે.




## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




## ભાગીદારોએ કંપની પચાવી પાડી પિતા-પુત્રને હાંકી કાઢ્યા : ૨૧ કરોડની છેતરપિંડીની ફરીયાદ

### કલોલ રકનપુર ગ્લોબલ કોલ્ડ ચેઈન સોલ્યુશન કંપની સ્થાપનાર સાથે વિશ્વાસઘાત

ગાંધીનગર, તા.૮

કલોલના રકનપુર ખાતે ગ્લોબલ કોલ્ડ ચેઈન સોલ્યુશન કંપની સ્થાપક પિતા-પુત્ર સાથે પાર્ટનરો એ છેતરપિંડી આચરીને કંપનીની મશીનરી, સ્ટોક કરેલો માલ સહિત રૂ.૧૫ કરોડ નફો મલી રૂ.૨૧ કરોડથી વધુની ઉચાપત કરી કંપની પણ પચાવી પાડવામાં આવી છે. કંપની પચાવી પાડનાર ૭ શખ્સો સામે સાંતેજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના થલતેજ ખાતે રહેતા યશ કેતનભાઈ અજમેરા કલોલ રકનપુર ગુલાબ સિંગતેલની સામે સનમની એન્ટરપ્રાઈઝના નામે થર્મોકોલનું ટ્રેડીંગ અને મેન્યુફેકચરીંગ કરે છે. વર્ષ ૨૦૧૨માં યશ અને તેના પિતા કેતનભાઈએ ગ્લોબલ કોલ્ડ ચેઈન સોલ્યુશન ઈન્ડીયા પ્રા.લિ. નામની કંપની અડાલજ ખાતે શરુ કરવામાં આવી હતી. જેમાં દવાઓને ઠંડી રાખવા માટે ના પેંકીગ બનાવવામાં આવતા હતા. આ કંપનીમાં ૫૦ ટકા શેર ગ્લોબલ કોલ્ડ ચેઈન સોલ્યુશન પીટીવાય લી.ઓસ્ટ્રેલીયાના હતા. જેના ઓથોરાઈઝ પર્સનએન્ડ્રુ કિશ્ર્ચિયન તેમજ ૧૦ ટકા શેર જેશુર નવાય કલીફ કિશ્ર્ચિયન હતા અને ૪૦ ટકા શેરનો હિસ્સો પિતાપુત્રનો હતો. તમામ વ્યકિતએ એકઠા થઈ અડાલજમાં કંપની રજિસ્ટર કરાવી હતી. કંપનીમાં પિતા પુત્ર સિવાય અન્ય શેર હોલ્ડર પણ હતા. જો કે પિતા-પુત્રએ કંનપી શરુ કરી હોવાથી વર્ષ ૨૦૧૨ માં પ્રથમ ડિરેકટર તરીકે તેઓ બંન્ને હતા. કંપનીમાં કામ અને નફો વધતા રકનપુર શિફટ કરાઈ હતી. જેમાં સિધ્ધાર્થ સંતોષકુમાર સિંઘ (રહે. એવરેસ્ટ એસપાયર સાયન્સ સીટી સોલા) પાસેથી મહિને ૮૧ હજારના ભાવે જગ્યા લીધી હતી. જેના માટે રૂ.૫ લાખ ૨૩ હજાર ૭૨૪ સિક્યુરીટી પેટે ચેક સિદ્ધાર્થને આપ્યા હતા. ત્યારબાદ વર્ષ-૨૦૧૮ માં એન્ડુ કીથ મેયર્સ દ્વારા ગ્લોબલ કોલ્ડ ચેઈન કંપનીના ૫૦ ટકા શરે ખરીદી લેવામાં આવ્યા હતા. જેશુરૂન કિશ્ચિયન ઓકટોબર ૨૦૧૯માં ડિરેકટર બન્યા હતા.ત્યારબાદ અન્ડુ પોતાના પરિચિત વ્યકિતને લાવીને કામ કરવા લાગ્યો હતો. જે કંપની પોલીસી વિરુધ્ધ હતું. આ કંપનીનો ધંધો કરવાએક ઈમેઈલ અને પાસવર્ડ પણ તેણે મનસ્વી રીતે બદલી વેપાર કરવા લાગ્યોહતો. જે અંગે પિતા પુત્ર બંને અજાણ હતા. જયારે માર્ચ ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૦ સુધી લોકડાઉન હોવાથી યશ કે તેના પિતા કંપની પર જઈ શક્યા ન હતા. ત્યારબાદ તા.૧-૫-૨૦ ના રોજ યશ કંપની પર જતા આરનોલ્ડ જયોર્જ, રોશેલ સ્વરીશ, કૃણાલ પ્રજાપતિ, રવિ શર્મા, વિહાર જેઠવાણી સહિતના વ્યકિત કંપની સંભાળતા હતા. યશને કંપનીમાં અંદર પણ ઘુસવા દીધો ન હતો અને ધક્કા મારીને ધમકીઓ આપી હાંકી કાઢ્યો હતો. જયારે આ શખ્સોએ પિતા પુત્રની જાણ બહાર કંપની કલોલ થી ચાંગોદર લઈ ગયા હતા. કંપનીના બેંક એકાઉન્ટમાંથી ઓસ્ટ્રેલીયાના એન્ડુના કહેવાથી રશેલે રૂ.૧૩ લાખ ઉપાડી લીધા હતા. એટીએમ પાસવર્ડ પણ બદલી નાંખ્યા હતા., જયારે કંપની ઉભી કરનાર પિતા પુત્રને કાઢી મુકીને રોડ પર લાવી દીધા છે. ચાર કરોડની મશીનરી, દોઢ કરોડનો માલનો જથ્થો, કંપનીના એકાઉન્ટના ૧૩ લાખ અને કંપનીનો ૧૫ કરોડ નફો મળી કુલ રૂ.૨૧ કરોડ ૮ લાખની ઉચાપત છેતરપિડીની ફરીયાદ યશ અજમેરાએ સાંતેજ પોલીસ મથકે નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ખૂણેખાંચરેથી

- આશા વર્કરોએ આજે તેમના પડતર પ્રશ્નોને લઈ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં ૩૮ પ્રવાસી શિક્ષકો આવતાં પ્રાથમિક શિક્ષણમાં એક નવી ચેતનાનો સંચાર થયો છે.
- જિલ્લા આરોગ્યતંત્રની લેબ-ટેક, એમ.પી.એચ. ડબલ્યુ સહિતના સંવર્ગના કર્મયોગીઓની આજે તાલિમનું આયોજન કરાયુ હતુ.
- આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે ગાંધીનગરમાં વસતા કચ્છી પરિવારોની ગૃહીણીઓએ મહિલા અધ્યક્ષાનું તેમના કાર્યાલયમાં સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.
- રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા આજે મહિલા દિન નિમિત્તે ખાસ શુભેચ્છા આપવા વિધાનસભા આવ્યા હતા અને તેમણે મહિલા ધારાસભ્યો તેમજ મહિલા અધ્યક્ષા ડૉ. નીમાબેનને મળી શુભેચ્છા આપી હતી.
- ૧૧મી માર્ચથી ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો ૩૭ ડિગ્રી સે. આંબી જશે તેવુ હવામાન-પૂર્વાનુમાન છે. રાત્રિનું તાપમાન પણ ૨૧ ડિગ્રી રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.
- ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસની એક મહત્વની બેઠક પ્રદેશ અગ્રણી દિપકભાઈ બાબરિયાની તેમજ ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર અને સુરેશ પટેલની ઉપસ્થિતિમાં સાંજે ૪ વાગે એસ.ટી.સી. ખાતે મળશે.
- મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે તેમની ટીમ સાથે સુઘડ-કોબા વિસ્તારની નગરરચના યોજના નં. ૮૧ અને ૨૩૯ની મુલાકાત લઈ વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતુ.
- આજે રાજ્યના રાહત કમિશનરશ્રીએ જિલાઓના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી કોરોનાના મૃતકોને અપાયેલ સહાય અને હાલની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી.
- ખેલ મહાકુંભને લઈ રાજ્યના મુખ્ય સચિવશ્રીએ આજે જિલ્લાતંત્રો સાથે રજિસ્ટ્રેશન સહિતની બાબતોને લઈ સમીક્ષા કરી હતી.

## જૈન યુવા સંગઠન મજબૂત બનાવવા વંદે શાસનમ્ ગૃપની સ્થાપના



ગાંધીનગર તા.૮

આજના યુવાનો દેશનું વર્તમાન અને ભવિષ્ય પણ છે અને યુવાશક્તિને યોગ્ય માર્ગે વાળવામાં આવે તો સમાજ વધુ સક્ષમ અને સુગઠિત બની શકે છે.

જૈન આચાર્ય પૂ. સિદ્ધિ સૂરીશ્વરજી મ.સા.(બાપજી મ.સા.)ના સમુદાયના અને ગાંધીનગર જૈન સંઘની દીકરીઓ એવા સાધ્વીજી પૂ. મૃદુધર્મા શ્રીજી મ. સા. તથા સાધ્વીજી પૂ.પાવનયશા શ્રીજી મ.સા.ની પાવન પ્રેરણાથી ગઈકાલે ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રમુખ સી.એમ. શાહના વરદ હસ્તે શાસનના ઉત્કર્ષ માટે તથા જૈન યુવા સંગઠન મજબુત બને તે હેતુસર વંદે શાસનમ્ ગૃપની સ્થાપના કરવામાં આવી હતી. ગાંધીનગરના સેકટર-૨૨માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ખાતે યુવા ગૃપ 'વંદે શાસનમ'નો પ્રથમ કાર્યક્રમ યોજાયો હતો જેમાં યુવાનો ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ભાવભીના થઈ પ્રભુ ભક્તિમાં જોડાયાં હતાં.

## છત્રાલ ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે મહિલાઓ માટે મેડિકલ ચેક અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૮

આજે વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે છત્રાલ જી.આઈ.ડી.સી એસોસિયેશન અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ,પાનસરના સયુંકત ઉપક્રમે જી.આઈ.ડી.સી વિસ્તારમાં રહેતી મહિલાઓ અને સગર્ભા મહિલાઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં આવનાર તમામ મહિલાઓના લોહીની તપાસ, ડાયાબિટીસ , એચ.આઈ.વી. તપાસ તેમજ ટીબી, એચ.આઈ.વી. રોગ નું સ્કીનીંગ કરવામાં આવ્યુ હતું. આ કેમ્પમાં ટીબી ના બે શંકાસ્પદ કેસ મળ્યા હતા.

કાર્યક્રમમાં આવેલ તમામ મહિલાઓને ટીબી ના નિદાન, સારવાર અંગેની તમામ માહિતી આપવામાં આવી હતી. તેમજ ટીબી મુક્ત અભિયાન અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. કેમ્પ ને સફળ બનાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ,પાનસર ની આરોગ્ય ટીમ એ ભારે જહેમત ઉઠાવી હતી.

## ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, રાંધેજા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ આ દિવસ નિમિત્તે મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ , રાધેજા ગ્રંથાલય વિભાગ દ્વારા , પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં મહિલા સશક્તિકરણ, મહિલા જાગૃતિ, વુમન પાવર, સમાજમાં મહિલાઓનો ફાળો, મહિલા સુરક્ષા માટે ના કાયદાઓ અને મહિલાઓને ઉપયોગમાં આવે એવા પુસ્તકો નું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓ તેમજ સેવકો આ પ્રદર્શન માં ભાગ લીધો હતો.



## ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સે. ૮ માં આદર્શ નિવાસી કન્યા વિદ્યાલય ખાતે મહિલા દિન ઉજવાયો

ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સે. ૮ માં આદર્શ નિવાસી કન્યા વિદ્યાલય ખાતે મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ૧૮૦ જેટલી વિદ્યાર્થીનીઓને કાયમી પ્રોજેક્ટ સંદર્ભે સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે કાર્યક્રમમાં સમાજની વિભિન્ન ક્ષેત્રની અગ્રણી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



## સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવદેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી. આ પ્રદર્શનમાં મહિલાઓ દ્વારા અને તેમની પર લખાયેલા પુસ્તકો જેવા કે., નારી ઉત્થાનના નવયુગ, ઈન્દ્રા નૂયી, નારીવાદ: પુનર્વિચાર, કિરણ બેદી વગેરે જેવા ૩૦ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેની મુલાકાત સંકુલની વિદ્યાર્થી બહેનોએ લીધી હતી. આ પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો દિશા દવે, કિશન પંચાલ, જગદીશભાઈ પરીખ, તથા જતિન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

**Modified of Name - Surname**

I the undersigned I **Nai Ketaniben Ketankumar** do hereby declare on oath as in my Passport surname is **"Nayee"** and my Husband's name is **"Katan Nayee"** is modified as surname is **"Nai"** and Name is **"Ketankumar Nai"** as per my husband's passport and other documents.

**Sd/-**
**Nai KetanibenKetankumar**
Add : Nayi Vas, Nadri, Ta. Mansa, Dist. Gandhinagar-382735

**નામ-અટકમાં સુધારો**

હું અરજી કરનાર નાયી કેતનીબેન કેતનકુમાર (Nai Ketaniben Ketankumar) મારા પાસપોર્ટમાં મારું નામ (Nayee Ketniben Ketan) છે જે ખોટું છે. તો તેને સુધારીને મારા પતિના પાસપોર્ટ તથા અન્ય ડોક્યુમેન્ટ્સ મુજબ Nai Ketaniben Ketankumar કરેલ છે.

સહી/-
નાયી કેતનીબેન કેતનકુમાર
Nai Ketaniben Ketankumar
સરનામું : નાયી વાસ, નાદરી, તા. માણસા, જી. ગાંધીનગર-૩૮૨૭૩૫

**Modified of Name - Surname**

I the undersigned I **Nai Ketankumar Jayantilal** declare on oath as in my wife's Passport her Surname is **"Nayee"** and my Name is **"Ketan Jayantilal Nayee"** is modified Surname is **"Nai"** and Name is **"Ketankumar Jayantilal Nai"** as per my passport and other document My Surname is "Nai" and Name is Ketankumar Jayantilal Nai.

**Sd/-**
**Nai Ketankumar Jayantilal**
Add : Nayi Vas, Nadri, Ta. Mansa, Dist. Gandhinagar-382735

**નામ-અટકમાં સુધારો**

હું અરજી કરનાર નાયી કેતનકુમાર જયંતિલાલ (Nai Ketankumar Jayantilal) મારી પત્નીના પાસપોર્ટમાં મારી અટક નાયી (Nayee) અને મારું નામ નાયી કેતન જયંતિલાલ (Nayee Ketan Jayantilal) છે જે ખોટું છે. તો તેને સુધારીને મારા પાસપોર્ટના આધારે મારું નામ Nai Ketankumar Jayantilal છે તે મુજબ તથા અન્ય ડોક્યુમેન્ટ્સ મુજબ કરેલ છે.

સહી/-
નાયી કેતનકુમાર જયંતિલાલ
Nai Ketankumar Jayantilal
સરનામું : નાયી વાસ, નાદરી, તા. માણસા, જી. ગાંધીનગર-૩૮૨૭૩૫